જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨/૦૩/૨૦૧૬ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૪૦૯/૧૬**

**આજથી પાંચેક મહિના પહેલા ગુપ્તાનગર નવા ઠાકોરવાસ ખાતેથી ડુપ્લીકેટ ચાવીથી હોન્ડા એક્ટીવાની ચોરી કરી લઇ ફેરવતા આરોપીને નવરંગપુરા, સીટી ગોલ્ડ સિનેમા પાસે ડિલાઇટ ચાર રસ્તા પાસેથી ચોરીના એક્ટીવા સાથે આરોપીને ઝડપી પાડતી અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ**

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના નાયબ પોલીસ કમિશ્નર શ્રી રીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી કે.એન.પટેલ નાઓએ, મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા સુચના કરેલ હોય જે આધારે પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.આર.ટંડેલ નાઓના સ્કોડના પો.સ.ઇન્સ. શ્રી જે.એન.ચાવડા તથા પો.સ.ઈન્સ. શ્રી એ.પી.ચૌધરી તથા પો.સ.ઇન્સ. શ્રી એચ.વી.સીસારા નાઓ ટીમ સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન સ્ટાફના હેડ.કોન્સ. બટુકસિંહ ચંન્દ્રસિંહ તથા હેડ.કોન્સ. મહેન્દ્રસિંહ વેલુભા નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી જયેશ ઉર્ફે જય અશોકભાઇ પવાર ઉ.વ.૨૨ રહે. બ્લોક નં.સી-૪/ટી-૫, શીવાલય એપાર્ટમેન્ટ વિભાગ-૪, વેજલપુર ગામ પાછળ, વેજલપુર, અમદાવાદ નાને નવરંગપુરા, સીટી ગોલ્ડ સિનેમા પાસે ડીલાઇટ ચાર રસ્તા પાસેથી એક ચોરીના હોન્ડા એક્ટીવા રૂ.૩૫,૦૦૦/- ની મત્તાના સાથે તા.૧/૦૩/૨૦૧૬ ના રોજ પકડી અટક કરવામાં આવેલ છે અને જેની પુછપરછ કરતા પોતે સદર એક્ટીવા ડુપ્લીકેટ ચાવીથી લોક ખોલી ચોરી કરેલ હતી અને જેનો નંબર બદલી પોતે તેને ફેરવતો હોવાની કબુલાત કરેલ છે.

સદર હોન્ડા એક્ટીવા ચોરી બાબતે વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાયેલ હોય જેથી આરોપી તથા મુદામાલ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે સોંપવા તજવીજ કરવામાં આવેલ છે.

**વટવા પોલીસ સ્ટેશનના ખુનના ગુનામાં જેલ ખાતેથી વચગાળા જામીન પર છુટી છેલ્લા બે વર્ષથી ફરાર થયેલ આરોપીને ગોવિદવાડી ચાર રસ્તા ખાતેથી ઝડપી પાડતી અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ**

મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી કે.એન.પટેલ સાહેબ નાઓએ જેલમાંથી પેરોલ/ફર્લો/વક્ગગાળા જામીન પર થી છુટી ફરાર થયેલ કેદીઓને તથા નાસતા ફરતા આરોપીઓ પકડવા સુચના કરેલ હોય. જેઓની સુચના મુજબ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.આર.ટંડેલ નાઓના સ્કોડના પો.સબ.ઈન્સ. શ્રી એ.પી.ચૌધરી તથા પો.સબ.ઈન્સ. શ્રી જે.એન.ચાવડા તથા પો.સબ.ઇન્સ એચ.વી.સીસારાનાઓ ટીમના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા. દરમ્યાન સાથેના હેડ.કોન્સ. હીતેન્દ્રસિહ ખોડુભા બ.નં.૮૦૯૨ તથા પો.કોન્સ. વિજયસિહ જગતસિહ બં નં ૬૩૦૧ નાઓને મળેલ સયુંકત બાતમી હકીક્ત આધારે અમદાવાદ, ગોવિદવાડી ચાર રસ્તા ખાતેથી અમદાવાદ મધ્યસ્થ જેલના વચગાળા જામીન ફરારી પાકા કેદી નં. ડ/૧૨૯૧૨ કુન્દન મોહનભાઇ સીન્ધી ઉ.વ.૩૭, રહે. ૧૩/૨૯૪ ગરીબ આવાસ યોજના જશોદા ચોકડી ત્રિકમપુરા અમદાવાદ હાલ રહે બ્લોક નં ૨૮/૮૮૨ ગરીબ આવાસ યોજના અંબીકા ટ્યુબની બાજુમાં વટવા અમદાવાદનાને આજ રોજ તા.૨/૦૩/૨૦૧૬ ના રોજ પકડી ડીટેઇન કરવામા આવેલ છે. જેને આગળની સજા ભોગવવા સારુ અમદાવાદ મધ્યસ્થ જેલ સાબરમતી ખાતે સોંપવા તજવીજ કરવામાં આવએલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

સદર અટક કરેલ પાકા કેદીની પુછપરછ કરતા પોતે સને-૨૦૦૬ મા વટવા સ્મ્રુતિમંદીર લક્ષ્મી કોલોની ખાતે રહેતો હતો ત્યારે પોતે લક્ષ્મી કોલોનીના નાકે ગેરેજ ચલાવતો હતો ત્યારે સંતોષ મરાઠી રહે દ્દિક્ષણી મણીનગર ખાતે રહે છે તે હફ્તા પેટે ૨૫૦૦૦/ રુપીયા માંગવા માટે આવતા પોતે આપવાની ના પાડતા સંતોષએ સાંજે તેના ત્રણ થી ચાર માણસો ગેરેજ ઉપર મોકલતા મારામારી થતા વિશાલ આંનદરાવ મરાઠીને કતારનો એક ઘા મારેલ જે ગુનામાં પોતાની વટવા પોલીસે ધરપકડ કરેલ હતી. જે કેસ કોર્ટમા ચાલી જતા સેસન્સ કોર્ટે આજીવન કેદની સજા કરેલ હતી ત્યાર થી પોતે સાબરમતી જેલમા સજા કાપતો હતો. બાદ તા.૨૩/૧૨/૨૦૧૩ ના રોજ દિન-૧૫ ના વચગાળા જામીન પર છુટી ફરાર થઇ ગયેલ હતો. અને હાલમાં સદરી કેદીને પકડી વધુ સજા ભોગવવા સારુ સાબરમતી સેન્ટ્રલ જેલમાં મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)